For Private Circulation Only Price Rs. 5/-

# B.P.A. newsletter

Devoted to
Comprehensive Development
Of Persons with Disabilities

વર્ષ : ૨૦૨૦-૨૧ ▲ અંક : ૨ અને ૩ ▲ જુલાઈ - ઓક્ટોબર - ૨૦૨૧ (This Newsletter is available on website: www.bpaindia.org)

RESEARCH & NEWSLETTER
BLIND PEOPLE'S ASSOCIATION (INDIA)

## ટોક્યો પેરાલિમ્પીંક ૨૦૨૦માં શાનદાર વિજય






ઉત્તરગુજરાતના નાનકડા ગામમાં ભાવિના પટેલનો જન્મ થયો, ઘરમાં ભાવિનાના જન્મથી આનંદ હતો પણ વિધિની વક્રતાએ શારિરીક રીતે બંને પગે ક્ષતિ ધરાવતા હોય તેઓ સક્ષમતા કેળવવા તાલીમ-અભ્યાસ માટે શહેરમાં આવ્યા. દિવ્યાંગજનોનાં કાર્યક્ષેત્રમાં હંમેશા અગ્રેસર રહેતા બીપીએમાં તેમણે તેમનાં રસરૂચિ ને આધારે રમત-ગમત ક્ષેત્રમાં તજજ્ઞ કોચ દ્વારા માર્ગદર્શન, સુવિધાઓ દ્વારા પેરાલિમ્પીક ટેબલ ટેનિસમાં પ્રગતિ માટે તાલીમ પ્રાપ્ત કરી ભાવિનાએ તેમના અથાગ મહેનત, પુરૂષાર્થ પૈકી પેરાલિમ્પીક ટેબલ-ટેનિસમાં તેઓએ ૫ ગોલ્ડ, ૧૩ સિલ્વર અને ૮ બ્રોન્ઝ હાંસલ કર્યા છે.





તાજેતરમાં યોજાયેલ ટોક્યો પેરાલિમ્પિક - ૨૦૨૦ આંતરરાષ્ટ્રીય પેરા એથલેટમાં ભાવિનાએ એકાગ્રતાથી રમીને સિલ્વર મેડલ પ્રાપ્ત કરી ગુજરાત અને ભારતનું નામ રોશન કર્યું હતું. આમ શાનદાર વિજયથી રમતગમતમાં જીત હાંસલ કરી ભારત પરત આવ્યા ત્યારે ભારતનાં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી તેમજ કેન્દ્રીય રમત-ગમત મંત્રીશ્રી અનુરાગ ઠાકુરે વિજેતાઓનું અભિવાદન દિલ્હીમાં કર્યું હતું અને ભાવિના અમદાવાદ આવ્યા ત્યારે બીપીએ પરિવાર દ્વારા તેઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું.



# કોવિડ - ૧૯ રસીકરણ ઝુંબેશ



સમગ્ર માનવી ચિંતાગ્રસ્ત કોવિડ - ૧૯ માં હતો. કોરોનાની વિકટ પરિસ્થિતિમાંથી રસીકરણ અને જન-જાગૃતિ માટે એક ખૂબજ વિકટ અને જટિલ પડકાર હતો. આ મુશ્કેલમય માર્ગમાં દિવ્યાગજનો માટે બીપીએ દ્વારા ડ્રાઈવ થ્રુ પ્રથમ રસીકરણની બે દિવસીય શિબીરનું આયોજન બીપીએનાં પ્રાંગણમાં તા. ૧૨ અને ૧૩ જૂનનાં રોજ આયોજીત કરવામાં આવ્યું હતું.

આ ડ્રાઈવ થ્રુ વેક્સીનેશન કાર્યક્રમમાં ૫૦૦ થી વધુ દિવ્યાંગજનોનએ ઓનલાઈન સ્થળ ઉપર નોંધણી કરાવીને તેઓએ વ્હીલચેર, ટ્રાઈસીકલ તેમજ તેઓનાં સ્પે. મોપેડ કાર ઉપર રહીને રસી લીધી હતી.

આ રસીકરણનાં આયોજનમાં સહભાગી તરીકે અમદાવાદ મ્યુ. કોર્પોરેશન શ્રી બંકીમ પાઠક ફાઉન્ડેશન સિક્કા, મોબિલીટી હબ, અખિલ હિન્દુસ્તાન વિક્લાંગ સંઘ અને બીપીએ સંયુક્ત રીતે રહ્યાં હતાં.

આ કાર્યક્રમને સફળ બનાવવા ગુજરાત સરકાર તેમજ વાઘબકરી ચ્હાનો અમૂલ્ય સહયોગ રહ્યો હતો. વેક્સીનેશન તત્કાળ કરવા અન્યત્ર જગ્યાઓ માં દિવ્યાંગજનો માટે તૈયાર કરવામાં આવેલા સેન્ટરો રેમ્પ તેમજ તેઓને સુલભ થાય તે પ્રકારની વ્યવસ્થા ન હોય તે માટે બીપીએ નાં કેમ્પસમાં રસીકરણ સેન્ટરનું આયોજન કરીને દિવ્યાંગજનોનાં રજીસ્ટ્રેશન સુવિધા સહ કરવામાં આવી હતી.

અને બીજા તબક્કાનો દ્વિતીય ડોઝ પણ કેમ્પસમાં તારીખ ૧૨ સપ્ટેમ્બર -૨૦૨૧ ના રોજ સુનિશ્ચિત રીતે કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં વેક્સીનેશન ટીમ, બીપીએ સ્ટાફ ગણ, સ્વંયં સેવકો, મેડીકલ સ્ટાફ ફરજ બજાવી રહ્યા હતા આ સમયે દિવ્યાંગજનોએ રસીકરણથી સ્વ-બચાવની વાત દોહરાવતા કહ્યુ હતું કે સામાન્યજનોએ પણ રસી લેવી જોઈએ તેઓ જનજાગૃતિનો સંદેશ આપ્યો હતો. આ સામૂહિકતા રસીકરણથી વિશ્વ રેકોર્ડ નોંધ એક સાથે દિવ્યાંગજનોનાં રસીકરણની થઈ હતી.



**ડ્રાઈવ થ્રુ વેક્સીનેશન કાર્યક્રમ**



# આઝાદી-પર્વ અમૃત મહોત્સવ



આઝાદી પર્વનાં ૭૫ વર્ષની વધામણી કરતાં બીપીએનાં તમામ સંલગ્ન યુનિટોએ ૧૫ મી ઓગસ્ટે ધ્વજવંદનના કાર્યક્રમમાં ચાર હજાર ઉપરાંત દિવ્યાંગજનોએ એ એક સાથે વિવિધ જગ્યાએથી (ઓનલાઈન) વર્ચ્યુઅલ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી ને આઝાદી પર્વની ઉજવણી કરી હતી.

આ રાષ્ટ્રીય પર્વ ઉત્સવ રોટરી ક્લબ સુપ્રિમનાં સભ્યો દ્વારા અને લાયસન્સ ક્લબ ઓફ વસ્ત્રાપુર અને જોધપુરનાં સંયુક્ત ઉપક્રમે આ કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યાં હતા.

આ ઓનલાઈન ધ્વજવંદન કાર્યક્રમમાં બીપીએનાં આદ્યસ્થાપક સભ્યશ્રી પ્રફુલભાઈ વ્યાસ મુખ્ય મહેમાનમાં રહ્યાં હતાં.



# કોનકોર્ડ બાયોટેક લિ. દ્વારા દ્રષ્ટિ સેન્ટર શુભારંભ

સેવ સાઈટ પ્રોજેક્ટ હેઠળ ધોળકા તેમજ માતરમાં કોર્નકોડ બાયોટેક લિમીટેડ દ્વારા સી.એસ.આર ફંડથી નેત્ર ચિકિત્સા માટે બે નૂતન વિઝન સેન્ટર તૈયાર કરવા માટે ૨૧ લાખ ૫૬ હજારની માતબર રકમ નવીન સેન્ટર બનાવવા આપવામાં આવ્યા હતા.

ધોળકા સેન્ટરનાં ઉદ્ઘાટન તારીખ ૧૧ મે - ૨૦૨૧ ના રોજ જ્યારે માતર વિઝન સેન્ટરનું ઉદ્ઘાટન તારીખ ૨૨ જૂન ૨૦૨૧ નાં રોજ સેન્ટ પોલસ ગર્લ્સ હોસ્ટેલ માતર ખાતે કરવામાં આવ્યું હતું.

આ દ્રષ્ટિ સેન્ટર કાર્યક્રમ પ્રસંગે ખેડા જિલ્લાનાં એસ.ડી.એમ શ્રી ઉમંગ હોસ્ટેલ કોનકોર્ડ બાયોટેક લિ. નાં ચેરમેન શ્રી સુધીર વેદ તેમજ ડિરેક્ટરશ્રી શ્રીમતી મેઘા વૈદ, બીપીએનાં પ્રમુખશ્રી રાજેન્દ્રભાઈ શાહ, જનરલ સેક્રેટરીશ્રી ડો. ભૂષણ પુનાની, એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી નંદિનીબેન રાવલ સેન્ટ પોલ ગર્લ હોસ્ટેલના ફાધર સુસાઈ જસ્ટિન થિરાવિન બીપેએનાં પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી વિમલબેન થવાણી તેમજ બારેજા આઈ હો. ના ડેપ્યુટી ડાયરેક્ટર (હેલ્થ)નાં મેનેજરશ્રી ધર્મેન્દ્ર જૈના કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતાં.



DHOLKA


MATAR




# નવનિર્મિત પ્રોજેક્ટ - વાત્રક

બેલાબેન અને યોગેશભાઈ પટેલ આંખની અદ્યતન હોસ્પિટલ તેમજ સાબરકાંઠા આરોગ્ય મંડળ બીપીએ (ઈન્ડિયા) સમતા વિકાસ કે.કે નાં સંયુક્ત પ્રોજેકટ તરીકે હસ્તાક્ષર કરવામાં આવ્યાં છે. અહી વાત્રક ખાતે આંખની હોસ્પિટલ માટે વાત્રકમાં જમીન-પ્રદાન કરશે. તેમજ બીપીએ અને સમતા વિકાસ ટ્રસ્ટનાં ત્રિકોણીય સંયોજનથી નવનિર્મિત બિલ્ડીંગનું નિર્માણ કરવામાં આવશે.

આ પ્રોજેક્ટનાં નવનિર્મિત બિલ્ડીંગ નિર્માણ કાર્યનું ભૂમિપૂજન તારીખ : ૦૨/૦૨/૨૦૨૦ નાં રોજ કરવામાં આવ્યું હતું. આ હોસ્પિટલ અરવલ્લી અને સાબરકાંઠાનાં લાભાર્થી દર્દીઓ માટે મેગા હોસ્પિટલ બનશે.

આ આંખની હોસ્પિટલની કોર ગૃપ કમિટિની બેઠક - ૮ જૂન ૨૦૨૧ નાં રોજ બીપીએ કેમ્પસમાં યોજાઈ હતી. તેમજ આ ટીમ દ્વારા પ્રોજેક્ટની મુલાકાત તારીખ ૨૨ જૂન - ૨૦૨૧ નાં રોજ વાત્રક ખાતે મિટીંગ આયોજીત કરી હતી. આ અદ્યતન હોસ્પિટલનાં બાંધકામની ડિઝાઈનનું કાર્ય શ્રી જલવંત મહાદેવવાળાએ કર્યુ છે.







# બીપીએ સ્ટાફ ઝુમ મિટીંગ, તાલીમ

## કેર ગીવર તાલીમ કાર્યક્રમ

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ પબ્લીક હેલ્થ-ગાંધીનગર દ્વારા પ્રારંભ કરવામાં આવેલી "કેરગીવ તાલીમ" ના કાર્યક્રમ સમયે આઈ.આઈપીએચનાં ડાયરેક્ટરશ્રી દિલીપ માવલકર અને બીપીએનાં એક્ઝીક્યુટીવ શ્રી તાલીમ કાર્યક્રમમાં તારીખ ૯ જૂન ૨૦૨૧ નાં રોજ ઉપસ્થિત રહ્યાં હતાં.





## ગુજરાત સ્ટેટ એઈડ્સ કન્ટ્રોલ સોસાયટી સાથે એમ.ઓ.યુ

બીપીએ પોરેચા આંખની હોસ્પિટલમાં એચ.આઈ.વી પરિક્ષણ કેન્દ્ર શરૂ કરવા માટે ગુજરાત સ્ટેટ એઈડ્સ કન્ટ્રોલ સોસાયટી (ગુજરાત સરકાર) દ્વારા એમ.ઓ.યુ કરવામાં આવ્યા હતા.

## અભિનંદન

ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા અંધશાળાનાં આચાર્યશ્રીશ્રી મનુભાઈ ચૌધરીને દિવ્યાંગજનો માટે ખાસ માધ્યમિક શાળાઓની સરખામણી વિષયમાં ડોક્ટરેટની (પીએચ.ડી)ની ડિગ્રી પ્રાપ્ત કરી છે.શ્રી મનુભાઈ દિવ્યાંગજનોનાં હિતાર્થે પ્રોત્સાહિત વલણ ધરાવે છે. આ ઉચ્ચ શિક્ષણ સિધ્ધિથી દિવ્યાંગજનોને વધુ પ્રેરણાસ્ત્રોત બની રહેશે.



# સંમ્મિલિત પાઠશાળામાં સી.એસ.આર સહયોગ

બીપીએ સંચાલિત નાઝ યુનિટમાં સંમ્મિલિત શિક્ષણ મેળવતાં સામાન્ય અને દિવ્યાંગ વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસ માટે મેડ્યુસિન્ડ કંપની દ્વારા સીએસઆર ફંડથી સહયોગ કરવામાં આવ્યો છે.

દિવ્યાંગજનોની વિવિધ શૈક્ષણિક, પુનર્વસન પ્રવૃતિઓથી સતત કાર્યરત યુનિટની શાળામાં ૧૫મી જૂન ૨૦૨૧ નાં રોજ પ્રારંભમાં ૧૩ વિદ્યાર્થીઓને શાળા પ્રવેશોત્સવ આપવામાં આવ્યો હતો.

ચાલુ વર્ષે શાળા સ્તરેથી કોવિડ-૧૯ની એસ.ઓ.પી ગાઈડલાઈન મુજબ શાળામાં શિક્ષણ તેમજ શેરી શિક્ષણમાં શિક્ષકશ્રીઓએ પ્રથમ પગરણ મૂકતા ભૂલકાઓ નું અભિવાદન કરી વિદ્યાર્થીઓનાં ઘરની મુલાકાત લઈને તેઓનું પ્રારંભિક શિક્ષણ મેળવવા ઉષ્માભર્યુ સ્વાગત કર્યુ હતુ તેમજ બાળકોને જરૂરી શૈક્ષણિક કીટ આપી હતી.


કોવિડ-૧૯ સમય દરમ્યાન વિદ્યાર્થીઓને ઓનલાઈન વર્ચ્યુઅલ શિક્ષણમાં વાંચન-લેખન ગુણવત્તાયુક્ત શિક્ષણ શાળાના શિક્ષકશ્રીઓ દ્વારા આપવામાં આવ્યું હતું. શાળામાં ઈન્ટેક્ટ્યુઅલ ડિસેબિલીટી વિદ્યાર્થીઓને યોગા, રસોઈ, બગીચાકામ, આમ વિવિધ શૈક્ષણિક પધ્ધતિઓથી શિક્ષણ આપવામાં આવ્યું હતું.






આંતરરાષ્ટ્રીય યોગદિવસ | શાળા પ્રવેશોત્સવ | શિક્ષકોની શેરી મુલાકાત







આંગણવાડીમાં પ્રવૃતિમય ભૂલકાઓ સાથે શિક્ષકશ્રી | બગીચાકામ

**બીપીએ પોરેચા આંખની હોસ્પિટલ, બારેજામાં કોઠારી સ્વામી મહારાજ દ્વારા**
**૩ સપ્ટેમ્બર - ૨૦૨૧ નાં રોજ વડતાલધામ નેત્ર સેવા કેન્દ્રનું ઉદ્‌ઘાટન**
**શ્રી વિઠ્ઠલદાસ સોમચંદ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ ના પ્રોત્સાહનથી કરવામાં આવ્યું હતું.**





## ઠાસરા કેન્દ્ર મુલાકાત




માનસિક બિમાર વ્યક્તિઓ માટે કાર્યરત કેન્દ્ર ઠાસરાની મુલાકાત ૨૨ જૂન - ૨૦૨૧નાં રોજ બીપીએનાં એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી અને સ્ટાફ સહ મુલાકાત લીધી હતી. આ કેન્દ્રને આ કેન્દ્રને મદદરૂપ થવા માટે ગુજરાત સરકારશ્રી સાથે બેઠક પણ આયોજીત કરવામાં આવી હતી. આ મીટીંગમાં બીપીએનાં પ્રમુખશ્રી રાજેન્દ્રભાઈ શાહ, બીપીએનાં જનરલ સેક્રેટરી શ્રી ડૉ. ભૂષણ પુનાની, એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર શ્રી શ્રીમતિ નંદિનીબેન રાવલ, પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી વિમલ થવાણી, ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી ભરત જોશી, ડૉ. ધર્મેન્દ્ર જૈના, શ્રી અરિંદમ રોય ઉપસ્થિત રહ્યાં હતાં.




નેત્ર નિદાનની તમામ અદ્યતન સુવિધાઓ માટે પ્રસિધ્ધ બારેજા આંખની હોસ્પિટલની મુલાકાત ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનાં ના ઉચ્ચ પદાધિકારીશ્રી અનિલ વ્યાસ તેમજ બી.જે.મેડિકલ કોલેજનાં ડીન શ્રી ડૉ. પ્રણય શાહ, એમ એન્ડ જે ઈન્સ્ટિટ્યુટ ઓપ્થોલમોલોજી નાં ડૉ. હંસા ઠક્કર તેમજ પ્રોફેસરશ્રી ડૉ. રમેશ અગ્રવાલ તા : ૨૧ જૂન-૨૦૨૧ નાં રોજ હોસ્પિટલની મુલાકાત લઈને કેમ્પસની અંદર બીપીએ ઓપ્થોલ્મોલોજી સ્કુલનું નિરીક્ષણ કર્યુ હતું.




**જોધપુર સેન્ટર મુલાકાત :** દિવ્યાંગજનોનાં હિતાર્થે બીપીએ સંચાલિત જોધપુર (રાજસ્થાન) સેન્ટરની અંદર દિવ્યાંગજનોના શિક્ષણ, પુનર્વસન, રોજગાર અંતર્ગત બાબતો માટેની મુલાકાતમાં બીપીએનાં શ્રીમતી નંદિનીબેન રાવલ-એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી, શ્રી વિમલબેન થવાણી-પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, શ્રી ભરત જોશી પ્રોજેક્ટ મેનેજરશ્રી તેમજ શ્રી કૃપા વેલાણીએ સેન્ટરની મુલાકાત તા. ૨૭-૨૮ જુલાઈ-૨૦૨૧ નાં રોજ લઈને આગામી સમયમાં દિવ્યાંગજનોના કાર્ય માટે સ્થાનિક ટ્રસ્ટીઓ, દાતાશ્રીઓ સાથે વિવિધ સ્તરે દિવ્યાંગજનોની પ્રવૃતિ વિષયક બેઠક કરીને જરૂરી સૂચનો કર્યા હતા. આ મિટીંગમાં ન્યાય અને અધિકારીતા વિભાગનાં ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી અનિલ વ્યાસ તેમજ સંસ્થાનાં પ્રમુખશ્રી ઉપસ્થિત રહ્યાં હતા.




બીપીએ પોરેચા હોસ્પિટલની મુલાકાત બીપીએનાં પ્રમુખશ્રી રાજેન્દ્રભાઈ શાહ, જનરલ સેક્રેટરી શ્રી ડૉ. ભુષણ પુનાનીએ ૨૯-૦૯-૨૦૨૧નાં રોજ દાતાશ્રી સાથે મુલાકાત કરી હતી.



બીપીએ પોરેચા આઈ હોસ્પીટલ અને જાગૃતિ બેલાબેન અને યોગેશભાઈ પટેલ આંખની હોસ્પિટલ જલારામધામ વાત્રક-વડગામ સાબરકાંઠા ખાતે સ્નેહમિલન સત્કાર કાર્યક્રમ તા. ૨૪-૦૯-૨૦૨૧ નાં રોજ આયોજીત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું આયોજન સમતા વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

थावरचन्द गेहलोत
THAAWARCHAND GEHLOT
सामाजिक न्याय और अधिकारिता मंत्री
भारत सरकार
MINISTER OF
SOCIAL JUSTICE AND EMPOWERMENT
GOVERNMENT OF INDIA

सत्यमेव जयते

कार्यालय: 202, सी विंग, शास्त्री भवन,
नई दिल्ली–110115
Office : 202, 'C' Wing, Shastri Bhawan,
New Delhi-110115
Tel. : 011-23381001, 23381390, Fax : 011-23381902
E-mail : min-sje@nic.in
दूरभाष: 011-23381001, 23381390, फैक्स: 011-23381902
ई-मेल: min-sje@nic.in

## MESSAGE

Community Based Inclusive Development (CBID) has been advocated internationally as the core strategy for improvement in the quality of life of Persons with disabilities (PwDs). CBID was initiated by the World Health Organization, following the Alma-Ata declaration in 1978. It was promoted as a strategy to improve access to rehabilitation services for persons with disabilities in low and middle-income countries, by making optimum use of local resources through collaboration with NGOs and organizations of persons with disabilities.

The international community is currently focusing on the 2030 Agenda for Sustainable Development Goals, which recognizes the potential of community based inclusive development to accelerate inclusion of persons with disabilities and bridge the digital divide.

A Memorandum of Understanding (MoU) was signed between the Government of India and the Government of Australia in November, 2018 for cooperation in disability sector. Under the said MoU, the Department of Empowerment for Persons with Disabilities (Divyangjan); DEPwD, Ministry of Social Justice & Empowerment, Government of India & the Rehabilitation Council of India (RCI) in collaboration with the University of Melbourne, Australia have jointly developed the first Community Based Inclusive Development Programme. This program will be instrumental in developing a pool of community based rehabilitation workers trained to respond to issues concerning persons with disabilities at community level across the country.


I am delighted to launch this Programme together with a CBID guide book. I thank the entire team of the DEPwD, the RCI, the University of Melbourne and other experts for their valuable contribution in developing this programme and preparing the programme Guide book. I hope the programme will be widely accepted across the country.

30.3.21

(Thaawarchand Gehlot)

# શાળાઓમાં વિષય તરીકે ભારતીય સાંકેતિક ભાષા

શ્રવણમંદ ભૂલકાઓની સાંકેતિક ભાષાને વિષય તરીકે શાળાના અભ્યાસક્રમમાં આવરીને શ્રવણમંદ બાળકોનાં અભ્યાસમાં મદદરૂપ થઈ શકાય તે માટેની હિમાયત ૨૯, જુલાઈ ૨૦૨૧નાં રોજ નેશનલ એજ્યુકેશન પોલીસીનાં ઉજવણી પ્રસંગે કરવામાં આવી હતી, આમ આ સાંકેતિક ભાષા વિષય તરીકે શીખવવામાં આવે તો અંદાજે ૩ લાખ ઉપરાંત શ્રવણ મંદ વિદ્યાર્થીઓને માટે હિતકારી ઉપયોગી શિક્ષણ બની રહેશે.







આંતરરાષ્ટ્રીય સાંકેતિક ભાષા દિવસે મહત્તા અંગે સાંકેતિક ઉપયોગિતાથી શ્રવણમંદ દિવ્યાંગજનોને વધુ ઉપયોગિતા અંતર્ગત તારીખ : ૨૩ સપ્ટેમ્બર-૨૦૨૧નાં રોજ જી.એસ.ટીવીનાં માધ્યમથી જન-જાગૃતિનો ખ્યાલ શ્રવણમંદ દિવ્યાંગજનોની સાંકેતિક ભાષા સાથે આપી રહ્યા છે.

# વિવિધ સ્થળોએ નેત્રનિદાન કેમ્પનું આયોજન










**રામપુર પંચાયત ખાતે**

**એસ્ટ્રલ ફાઉન્ડેશન દ્વારા અંબેઠી ખાતે આંખનો કેમ્પ યોજાયો જેમા ૨૩૮ વ્યક્તિઓએ ભાગ લીધો હતો અને તેમાંથી ૩૩ દર્દીઓને પોરેચા આંખની હોસ્પિટલમાં સર્જરી માટે બોલાવવામાં આવ્યા હતા.**





લાલપુર ખાતે એસ.વી.સી.ટી પ્રાયોજીત આંખનો કેમ્પ સાબરકાંઠા મોતિયામુક્ત અભિયાન હેઠળ યોજાઈ ગયો જેમાં ૧૪૦ વ્યક્તિઓમાંથી ૨૪ વ્યક્તિઓને આંખનાં ઓપરેશન માટે બોલાવવામાં આવ્યા હતા. દર્દીઓની દ્રષ્ટિ બચાવવા માટે એસ.વી.સી.ટી અને તેમનાં સ્વ્યંસેવકોનો આભાર વ્યકત કર્યો હતો.





લાયન્સ ક્લબ ઓફ વસ્ત્રાપુર, અમદાવાદ દ્વારા પોર ખાતે નેત્રચિકિત્સા કેમ્પ યોજાયો.




અંધજન મંડળ ખાતે પ્રજાસત્તાક દિવસ ઉજવાયો



નાઝ સેન્ટર ખાતે જન્માષ્ટમીની ઉજવણી

## શ્રધ્ધાંજલિ


વર્ષ - ૨૦૨૧માં નીચે દર્શાવેલ તસ્વીરમાં દાતાશ્રી અને કર્મચારીશ્રીનાં નિધનથી સમગ્ર બીપીએ પરિવાર શ્રધ્ધાંજલિ અર્પે છે.



**શ્રી દિલીપ શાહ**



**શ્રી અંબાલાલ પટેલ**




**શ્રી ઝાકીર સિપાહી**



**શ્રી રહીમખાન પઠાન**



**સંસ્થાના સ્વંયસેવક**
**શ્રી ખજાનચી**





**દાતાશ્રી શ્રીમતી બેલાબેન પટેલ અને વાત્રક-આંખની હોસ્પિટલના શ્રી યોગેશભાઈ પટેલ તથા અંધજન મંડળ, બારેજા હોસ્પિટલનાં દાતા શ્રી વિઠ્ઠલભાઈ પટેલનું ટૂંકી માંદગીમાં નિધન થયુ હતું.**




અંધજન મંડળનાં સ્વંયસેવક શ્રી પ્રો. **જે. આઈ. ગઠિયાવાલા**નું નિધન થયુ છે. તેઓએ પોતાના કાર્યકાળ દરમિયાન અંધજન મંડળનાં અંગ્રેજી પ્રકાશનને ગુજરાતીમાં અનુવાદ કરીને તેમની ઉત્કૃષ્ઠ અને નિઃસ્વાર્થ સેવાઓ પૂરી પાડી હતી. વિઝ્યુઅલ ઈમ્પેરમેન્ટ હેન્ડબુકના ભાષાંતર માટે તેમણે ગુજરાતી સાહિત્ય માટે અસંખ્ય નવા શબ્દોથી પુસ્તક તૈયાર કરી ભાષાંતરકારની આગવી ઓળખ આપી હતી.



**શ્રી સરદાર ગુરૂદિપ સિંઘ** અંધજન મંડળ માટે ખૂબ જ પ્રેરણા અને સમર્થનનાં શ્રોત રહ્યાંહતા. તેઓ અંધજન મંડળનાં દિવ્યાંગજનો સાથે નિખાલસતાથી હંમેશા ચર્ચા કરતાં હતાં.

## રમકડા બેંક - શુભારંભ - ડીસા સેન્ટર













બીપીએનાં ટ્રસ્ટી શ્રી સુનિતાબેન ઠાકોરનાં પુત્ર શ્રી સંદિપભાઈ દ્વારા સમર્પિત રમકડા-કમ-પુસ્તક અને પુસ્તકાલય માટે જરૂરિયાતો ધરાવતાં બાળકોને રમકડા અને પુસ્તકોનું વિતરણ કરવામાં આવ્યું હતું.



## વન મહોત્સવ - વૃક્ષારોપણ







અંધજન મંડળ, વસ્ત્રાપુર કેમ્પસમાં શોપર્સ ટોપની ટીમે વૃક્ષારોપણ કરીને વન મહોત્સવ સપ્તાહની ઉજવણી કરી હતી. શોપર્સ ટોપ છેલ્લા ઘણા વર્ષોથી અંધજન મંડળ, વસ્ત્રાપુરનાં નિયમિત દાતાશ્રી અને સમર્થક રહ્યા છે.

લાયન્સ ક્લબ ઓફ વસ્ત્રાપુર, અમદાવાદ દ્વારા અંધજન મંડળ કેમ્પસમાં વૃક્ષારોપણ કરીને શ્રી લુહાર પંકજબાળા બેનનાં જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી.



**સવિનય સંમ્મિલિત વિદ્યાલય બાવળા ખાતે ધોરણ ૬ થી ૧૨નાં વિદ્યાર્થીઓ તારીખ : ૦૨-૦૯-૨૦૨૧ નાં રોજ ઓફલાઈન ચાલતા વર્ગોમાં જોડાયા છે.**



# સ્ટ્રાઈડ તરફથી દાન

સ્ટ્રાઈડ ક્લાઈમેટ ઈન્વેસ્ટમેન્ટ તરફથી અંધજન મંડળ વસ્ત્રાપુરને ૫૦ ટ્રાઈસિકલનાં વિતરણ માટે સીએસઆર ફંડ પ્રાપ્ત થયું હતું તે પૈકી સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૫ અને બનાસકાંઠામાં ૨૫ ટ્રાઈસિકલનું વિતરણ કરવામાં આવ્યું હતું.અહીંયા કાર્યક્રમ દરમ્યાન સ્ટ્રાઈડ ક્લાઈમેટ તેમજ અંધજન મંડળ નાં કર્મચારીશ્રી ઉપસ્થિત રહ્યાં હતાં.

**સ્ટ્રાઈડ ક્લાઈમેટ ઈન્વેસ્ટમેન્ટનાં અધિકારીઓ :**

શ્રી જી.એસ.બાબુ - જનરલ મેનેજર ઓપરેશન અને જાળવણી

૧. શ્રી સંદિપ ગીરી
૨. શ્રી સોહન સોલંકી
૩. શ્રી મનુભાઈ ઠાકોર
૪. શ્રી રાહુલ સેન

**અંધજન મંડળનાં અધિકારીઓ**

૧. શ્રી ભરત જોશી - નાયબ નિયામક પ્રોજેક્ટ સંસાધન મોબીલાઈઝ
૨. શ્રી હર્મિશ મોદી
૩. શ્રી રામભાઈ જાદવ











દ્રષ્ટિક્ષતિ અને વ્યાપક અંધત્વ ધરાવતી વ્યક્તિઓને ગુણવત્તાયુક્ત આંખની સંભાળ પૂરી પાડવા અને સમર્થન આપવા માટે બંધન બેંકનો આભાર અંધજન મંડળ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો હતો.

અંધજન મંડળનાં પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રીમતી વિમલબેન થવાણી ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીનાં વિદ્યાર્થીઓ સાથે તા. ૧૮-૦૯-૨૦૨૧ નાં રોજ ચર્ચા કરતાં દ્રષ્ટિગોચર થાય છે.



અંધજન મંડળનાં પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ શાહે આશીર્વાદ ટ્રસ્ટ, સાયલા દ્વારા સંચાલિત પદ્મનાભ મફતલાલ ગૃપ દ્વારા સમર્પિત સુરેન્દ્રનગર ખાતે કૌશલ્ય વિકાસ ટ્રસ્ટની તા. ૧૦-૦૮-૨૦૨૧ નાં રોજ મુલાકાત લીધી હતી.







અંધજન મંડળ પોરેચા આંખની હોસ્પિટલમાં રાહી ટ્રસ્ટ પ્રોજેક્ટ્સનાં એકાઉન્ટીંગ અને પ્રોજેક્ટ પ્રવૃતિઓનું ઓડિટ કરવા શ્રી મોનિકા સહાની ઉપસ્થિત રહ્યાં હતા.







તા. ૨૪-૦૯-૨૦૨૧ નાં રોજ શ્રી માખીજા અને એરફોર્સ એસોસીએશનની ટીમે અંધજન મંડળ, વસ્ત્રાપુર ખાતે વિઝન ઈન ડાર્કની મુલાકાત લીધી હતી અને અંધજન મંડળનાં દ્રષ્ટિક્ષતિ કર્મચારી શ્રી જયદેવભાઈની સંગીતની દિલચસ્પી નિહાળીને તેમને એક નવો ડ્રમ સેટ અને બે કેસિયો દાનમાં આપ્યા હતા જેઓ વિઝન ઈન ધ ડાર્ક પ્રોજેક્ટમાં મુલાકાતીઓનાં સેન્ટરમાં માર્ગદર્શક છે.

# ૧૭, સપ્ટેમ્બર - ૨૦૨૧ નાં રોજ ડ્રાઈવર ડેની ઉજવણી

**આ પ્રોજેક્ટને રાહી પ્રોજેક્ટ હેઠળ સાઈટ સેવર દ્વારા ભંડોળ પુરૂ પાડવામાં આવે છે.**

**૧૭, સપ્ટેમ્બર - ૨૦૨૧ ડ્રાઈવર દિવસની ઉજવણી :** ભારતમાં વધુ ટ્રક ડ્રાઈવરો એક જગ્યાએથી માલ પરિવહનમાં ટ્રક ડ્રાઈવરો મહત્વની ભૂમિકા ભજવે છે. રાહી નેશનલ ટ્રક આઈ હેલ્થ પ્રોગ્રામ માટે અંધજન મંડળ, વસ્ત્રાપુર રાહી ટ્રક્સનાં પ્રોજેક્ટ્સને અમલમાં મૂકવા માટે સાઈટ સેવર ના ભાગીદારો માંનું એક છે.

આ વર્ષે અંધજન મંડળ પોરેચા આંખની હોસ્પિટલ દ્વારા ૧૨ થી ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૧ દરમિયાન રાષ્ટ્રીય ટ્રક ડ્રાઈવર પ્રશંસા સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. અને સાઈટ સેવર્સનાં સહયોગથી અમદાવાદ અને આસપાસનાં વિવિધ સ્થળોએ ડ્રાઈવર સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. ટ્રક સપ્તાહની ઉજવણીના સ્થળો નીચે પ્રમાણે હતા.

જેતલપુર એચ.પી.પેટ્રોલપંપ, અસલાલી રીંગ રોડ, શ્રી રામ પેટ્રોલપંપ (જેતલપુર), કોકોમોરિયા ઈન્ડિયન પેટ્રોલપંપ, બાળળા અને નારોલ ઈન્ડિયન પેટોલ પંપ.






| આરઓનું નામ | સેલ્સ એરિયા | સ્થળ | પ્રવૃતિ |
|---|---|---|---|
| ભગત પેટ્રોલીયમ | આણંદ | તારાપુર | નેત્ર નિદાન કેમ્પ |
| ગોકુલેશ ફ્યુલ સ્ટેશન | આણંદ | કેનેરા | નેત્ર નિદાન કેમ્પ, યોગા સેશન |
| પરમાર ઓટોમોબાઈલ્સ | અમદાવાદ-૪ | સાણંદ | નેત્ર નિદાન કેમ્પ, યોગા સેશન |
| સોમનાથ ફ્યુલ પોઈન્ટ | અમદાવાદ-૪ | સીતાપુર | નેત્ર નિદાન કેમ્પ |
| અક્ષત પેટ્રેલીયમ | હિંમતનગર-૨ | પાલનપુર | નેત્ર નિદાન કેમ્પ<br>બ્લડ ડોનેશન કેમ્પ |
| ધનશ્યામ પેટ્રોલ પંપ | આણંદ | અદાસ | નેત્ર નિદાન કેમ્પ<br>બ્લડ ડોનેશન કેમ્પ |
| પ્રકાશ ઓટોમોબાઈલ્સ | અમદાવાદ-૧ | જેતલપુર | નેત્ર નિદાન કેમ્પ<br>બ્લડ ડોનેશન કેમ્પ |
| જે.આર.ઓ. મોરિયા | અમદાવાદ-૧ | મોરૈયા | નેત્ર નિદાન કેમ્પ, યોગા સેશન |
| વૃન્દાવન પેટ્રોલિયમ | હિંમતનગર-૨ | શામળાજી | નેત્ર નિદાન કેમ્પ |
| ભીમનાથ પેટ્રેલીયમ | પાલનપુર | ઈકબાલગઢ | નેત્ર નિદાન કેમ્પ |
| શ્રી ગોકુલેશ પેટ્રોલીયમ | અમદાવાદ-૩ | નારોલ | નેત્ર નિદાન કેમ્પ, યોગા સેશન |
| લક્ષ્મી ફ્યુલ સ્ટેશન | અમદાવાદ-૧ | પીપળી | નેત્ર નિદાન કેમ્પ |
| શ્રી રામ પ્રેટ્રેલીયમ | અમદાવાદ-૨ | રામોલ | નેત્ર નિદાન કેમ્પ |




બીપીએ ન્યૂઝલેટર, બ્લાઈન્ડ પીપલ્સ એસોસીએશન એ (અગાઉનું અંધજન મંડળ) ત્રિમાસિક ન્યૂઝલેટર છે. જો તમે કેટલાક લેખો આપવા માંગતા હો તો કૃપા કરીને અંધજન મંડળનાં એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર શ્રીમતી નંદિનીબેન રાવલનો સંપર્ક કરો.

**Phone**: (079) 26305082, 26304070, 26303513 **Fax**: (079) 26300106
**E-Mail**: gchscbpa@gmail.com, nandinibpa@gmail.com **Website**: www.bpaindia.org

**All donations exempted under Section 80G of the Income Tax Act, 1961**

મુદ્રક-પ્રકાશક : ડૉ. ભૂષણ પુનાની , સામાન્યમંત્રી, અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫ દ્વારા પ્રકાશિત અને વિવિધ અંધજન તાલીમ કેન્દ્ર, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫ દ્વારા મુદ્રિત
સંપાદક : શ્રી બિપીન મહેતા, સહ-સંપાદક : શ્રી હસમુખ શ્રીમાળી પ્રકાશક સહાયક :
કમ્પ્યૂટર સેટિંગ : શ્રીમતી જી. ધિંગરા, શ્રીમતી જી. શહેરા ડિઝાઈન યુનિટ શ્રી અવધ ત્રિવેદી
પ્રિન્ટિંગ : શ્રી નારાયણભાઈ પ્રજાપતિ તસ્વીરો : શ્રી ભરત એ. ધુરી

*If not delivered, please return to:*
BPA Research and Newsletter
**Blind People's Association**
***(Formerly Blind Men's Association)***
Vastrapur, Ahmedabad-380015
Gujarat, INDIA

**BOOK POST**

**To,**